નાટા—રંગ.

સંગ્રહ કરી
છપાવી પ્રસિદ્ધ કરનાર,

જેશીંગભાઈ મોતીલાલ શાહ.

રીચીરોડ—અમદાવાદ.

અમદાવાદમાં.

રીચીરોડની સડક ઉપર આવેલા શ્રી જૈન વિદ્યાવિજય પ્રીન્ટીંગ
પ્રેસમાં શા. ચુનીલાલ અમથાશાએ છાપ્યું.

આવૃત્તી ૨ જી   પ્રત ૧૦૦૦

સંવત ૧૯૬૯   સને ૧૯૧૩.

કીંમત આઠ આના.

નાટ્ય-રંગ.

૧   સુરદાસ.

સપરે દયા લાવો રે, દયાળુ દેવા દાસપરે દયા લાવો,
સંસારી સબંધ તોડી, જીવ આપ ચરણે જોડી;
હું તો બની બેઠો બાવો બાવોરે, દયાળુ દેવા દાસપરે દયા લાવો.
આંખ વીનાનું સંકટ આવું, ખાડા માંહી ગોથાં ખાવું;
વારે અવીનાશી આવો આવોરે, દયાળુ દેવા દાસપરે દયા લાવો.

૨   સુરદાસ.

આંખ વીના અંધારૂંરે, સદાય મારે આંખ વીનાનું અંધારૂં.
કોઇ કહેશે લાલ લીલું, આ ધોળું ને આ પીળું;
મારે મન સઘળું ખારૂં ખારૂં રે, સદાય મારે આંખ વીનાનું અંધારૂં
કોઇને જગ લાગે ખારૂં, કોઇને લાગે નઠારૂં,
મારે મન જાતરે ખારૂં ખારૂંરે, સદા મારે આંખ વીનાનું અંધારૂં.

૩   નરસીંહ મહેતો.

વહાલા વેગે આવોરે, દયાદીલ લાવોરે, બીડું મારી ભાગવા હોજી.
નહિ આવો તો છાના ઉઘાડું હું છીદ્ર વહાલા;
હિંડામાં ઉજળી, ગોવાળીઆમાં વાસ.
ખાંધે કાળી કામળી, માગી પીતા છાશ;
હું રાખું તમથી દાવો રે બીડું મારી ભાગવા હોજી.
બે માના બે બાપના, નકટા નીર્લજ બાળ;
અહિમાખણના ચોરણ, કંસ તણા છે કાળ.
સોડ તજો રાધા તણી, દુરિજન આપે ગાળ;
ધીરા વેગે ધાવો રે, બીડું મારી ભાગવા હોજી.

૪

સમજ સત્કર્મ કરીલો ભાઇ, કાયા આ કાલ જશે કરમાઇ;
રામ ગયા રાવણ ગયો ને, ગયા કૃષ્ણ ગયો કંસ.
બળવીર પણ બળહીણ બન્યા, જ્યાં કઠણ કાળનો ડંસ. સમજ
સ્વારથ તણો સંસાર જુઠ છે, માયામાં રહ્યો મોહી.
કાળ કપાટ ઝપટશે ત્યારે, રહીશ રાંકડા રોઇ.   સમજ

ભાત ભાતને ભાત બનની, કોઇ ન સાથે જાય;
પાપ પુન્યએ પ્રભુ દરબારે, ભાંગ્યા ભાંગી તો થાય. સમજ.

5 પવિત્ર લીલાવતી.

કરી વેસ્યાની યારી ઉભા અટારી, ભાળી અમારો પૈસા તમારા પ્રાણ;
જાગો થાઓ મૈયારી, ભાળી અમારી પૈસા તમારા પ્રાણ,
વીંછીનો આંકડો વેસ્યા છે વસમી, જો જો ન થાએ જાણ.
જાણશે તો ઝેર આપશે જાણ, કરશે રાંડ રોકાણ;
જુઓ જગની ઝારી, હાથમાં ધારી એડી અટારી પૈસા તમારો પ્રાણ.

૬ લીલાવતી.

ઘટઘટમાં તીરથ રહ્યો, ઘટમાં આતમરામ;
પ્રેમી મન તીરથ વસો, પ્રીતમ ભાવીગરાજ
હાજ્યો ભુંડા દુઃખથી, છોડે છે શીદ ઝાશ
આળસ કરતાં પ્રાણીઆ, સુખનું સત્યાનાશ.

૭ હરિશ્ચંદ્ર

ઇંદ્ર શાંત થાઓ સાંત થાઓ, તમે રૂપી રાય.
કરો નહિ કલેશ કાંઇ, પોતાના રે કાંય,
ધીરા થઇ સાંભળો, મારી એક વાત
સરત કરો બંને જાણા અને એક સાક્ષાત,
હારે બંને જણમાં કોણ આપે તપ ફળ
ખાલી કલેશ શાને કરો, થશે આપ વીજળી,
વીજળી ક્યુન ક્યુન કબુલ સર્વ છે અમારો રાય;
ટારે અમ બેમાં તેનું. તપ.

૮ જુગલ જુગારી.

અમો અબળાને માયા વ્હાલીરે વ્હાલીરે વ્હાલી,
પ્રીતી વહાલી રે અમોને વસ્ત્ર કસવો ઘરેણાં ઘડાવો
મોતીડે મઢાવો મન ખાલીરે ખાલીરે ખાલી મન ખાલીરે—
નેહની નજરે નાથજી મારી નારી બને ઘેલી રે
કાલી રે કાલી ઘેલી કાલી રે—અમો

૯ જુગલ જુગારી

વહાલમજી સાડી ગુજરાતી મંગાવો.
ચોલકા બનાવો મોતીડાં ટંકાવો.
બંગડી બે હીરાની, મોંઘી મઢાવો—વહાલમજી.

સાખી.

સુરતમાંજ જણાય છે, પુતળાના ઢંગ;
જેવો વાનો પુરશો, તેવો ચઢશે રંગ.
હાંસીના હુલાસમાં રસીલી તારી રીસાય એ—વહાલમજી.

૧૦ કરણઘેલો.

ચાહે તું ધીઠાર મારા પ્યારમાં બોલાવીને,
પ્યારમાં બોલાવી પ્રાણ સુખમાં ડોલાવીને—ચાહે.
ચુક પડી ક્ષમા કર રૂપીલા હવે,
શાંતિ તું પમાડ વિરહ અગ્નિને ઓલાવીને—ચાહે.
તારા સમાન નથી વહાલી બીજી મને,
માન મુક માનીતી મન મહને બોલાવીને—ચાહે.

૧૧ કળાવતી.

સ્વામી મળવાની લાલ, ચહાય આ પ્રાણીરે. સ્વામી.
તુજ આધારે જીવન દોરી, કરો શું વખાણ સ્વયંવરલાણ.
તારે હાથ પ્રાણ, લેજો મારા પ્રાણ.
પ્રાણ પ્રાણ પ્રાણ સ્વામી.
હવે ચાલો ,બહુ ગાળો વખત ઠાલો, જરી ભાળો.
કોક પકડે, બાજી બગડે, થશે હાણ સત્ત્ય ટાળો. સ્વામી.

૧૨ ખુને નાહક.

મોહનીયા પ્યારી સમનસે મલાવો
જો ચાહો જો માગો વોહી મોસે પાવો
એક મુલ કાલા ઓર મસાલા જાકે ખુશકા ખાવો
મયજલા હું પરકમે તુમ ઓર ન આગ લગાવો
જનમ એક ગુન ગાતુ બીનતી સદા મય કરૂ.

૧૩ મુળરાજ સોલંકી.

સનનન સોહે સાવરીયા શામ
પ્યારે પ્યારે નયનામે વારી વારી જાઉ. સનનન
એક તો ડાલે પીયા મુખડેપે આગલ દુજે દીખાવે ઉંગલીઆ શામ
તીજ ભરે મોરી છતીયાપે, ચુટકી ક્યા જાદુ ડાલે ગુજરીયા શામ
ચોથ ભાગે મોરા જીયા લુભાવે નયનોકી કારી પતગાયા રામ
ભાઓ હઠોજી ન બાંધ્યાં મરોરે છોડો હમારી ડગરીયા શામ.

૧૪ સુંદરવેણી.

નયનના કુંભમાં સુવે.

રમશો ના જોઇશુ મન મોહનની સંગ—રંગમાં.
છબીલા કરતી છલબલી કપોલ દે થઈ ડંસ.
વ્રજ શમનાના શરમ મુકીએજે જે મધાવીશ જંગ—રંગમાં.
મદન રંગથી પ્રફુલિત થાશે ચંપાએલ આતંગ
મહાલશુ ચાલશું પ્રીતમ પ્રીત પણ નહિ આવે ઢંગ રંગમાં.

૧૫ રાજબીજ

ગણું જુદાઇ પ્રાણ બની શીદ અણુજાણુ
ભણી આનંદ લ્હાણુ ચાલ ચમન ફિદાવ
તું છે છબીલી નાર, યાર હું રંગીલો ભરતાર
અન્યું જોડું નીરધાર ભણી ક્રંદન જગાવ
ઢાંક માથાની વેણુ, કાળી નાગતણી ફેણુ,
પ્યારી અણીઆલા નેણુ જરા ધીરે નચાવ
વાગ્યો કલેજે કારી ઘાવ, દુખ દેણુ ભારી.
જરા થા દયાળુ પ્યારી, મને મરતો બચાવ
જોયું જ્યારથી આ મુખ, કામ આપે બહુ દુખ,
ગયો ચોરી મારૂં સુખ, પ્રિયે પાછું અપાવ.

૧૬ સતી અનસુયા.

હાંહારે સતો સંગ સમાગમ મોટો, હાંહાં૦
જેનો ત્રીભુવનમાં નહીં જોટો—જોટોરે—સંતો.
કરવો હરિભજન વ્યાપાર (૨)
જેમાં કદી ન આવે તોટો—તોટોરે—સંતો.
જગમાં જાયું તે જાવાનું (૨)
કરતાં ખળ ખોરબો ખોટો—ખોટોરે—સંતો.
ધરવું ધ્યાન હરીનું સાચું (૨)
એ વીણુ સઘળો ગરબડ ગોટો—ગોટોરે—સંતો.

૧૭ મદન વસંત.

કહું વાત હું વિગતે વિચાર, વનિતા વખત વધુ ન લગાડ
કર ધરીને કરવર પ્યાર વનિતા વખત વધુ ન લગાડ
રંગે રમાડું સંગે જમાડું, પ્રીતિ ચખાડું રાતિ દેખાડું.
રસમાં ડુબાવું નાર, વનિતા વખત વધુ ન લગાડ,
વિધ વિધ સાડી પહેરાવું દાડી કમખાને ચોળીને ઘણીયોને નાડી
હાર હીરાનાનો માળ સુવાળી ઝાંઝર ઝુમણુ મોતીની વાળી
ખવરાવું પકવાન થા તું તો જાડી પગમાં પે જોડાને છત્રી લે કાળી.

ચડવાને ગાડી ફરવાને વાડી હું તારો લાડો ને તું મારી લાડી
હું તારો પાડો ને તું મારી પાડી
મીઠા મીઠા મેવા તે જોઇને જોઇને લેવા
લહેરાજીના વીવાહ નહી ખાવા કે પીવા
તું ચાલને થા તઇયાર—વનિતા—કહું

૧૮ સુરદાસ.

બીજલ—આ તારા વચનો સારા સ્નેહે સાંભળતાં
શાંતી પામ્યું છે મન મારૂં ને આજે—
જગની જંજાળમાંથી બળતા બચાવોજી
ધન્ય ગુરૂ ચિંતામણી ધારૂ રે આજે
ચીન્તા—ભક્તિ ભગવાન કેરી કરતાં હંમેશાજી
થવાનુ ત્વરાએ શુભ તારૂ રે—શાણા
બીજલ—આ તારા વચનો સાચાં.

૧૯ ભક્તવિજય.

મને વ્રજવાસ છે વ્હાલો, કરો શિદ આગ્રહ ઠાલોરે
ત્યાગો સહોદર માત ને તાતના ફોગટ છે સહુ ફંદ,
આનંદમુર્તી નંદકુમારની સ્નેહે ધરી સુખકંદ.
પાયો મને પ્રેમનો પ્યાલોરે. ફરો.
આતમ સ્વામીને સેજે ઉગારી, બાળુ વિષ આપી બોધ;
આપની ભક્તિ કદી નહીં ભુલથી નહિ કરૂ અવરોધ.
મીરાં ચીતોડમા ચાલોરે. ક.
સુંદરને ભજી દુર ધરી મેં દુનિયાની દરકાર
પ્રાણ જતાં પણ હું નહિ ચુકું લાલની પ્રિત લગાર.
ખોટા સહુ જગના પ્યાલોરે.

૨૦ ભક્તવિજય.

મારા રંગીલા ગીરિધરલાલ આવ્યા રૂડું રૂપ ધરી,
દાસી મીરાંને દિનદયાળ બેઠા વેગે ભાવ ધરી,
જાણ્યું નથી જોયું હજી શુદ્ધ તમારૂં સ્વરૂપ,
ડરશો એ દિલમાંહી હું તો આનંદ પામીશું અનુપ—બેઠા—મીરાં
જળ સ્થળમાં હું જોઉં છું, તમને ત્રિભુવન નાથ,
ડરવાની નથી ટેવ હું તો બાંધી હોડીને ભરૂ બાથ. મીરાં.

૨૧ ભક્તિવિજય.

ઘેલી થઇ રે હું તો ઘેલી થઇ, હું વ્હાલા નંદલાલ વાસે હું તો ઘેલી થઇ

નામ લઉં રે એનું નામ લઉં હું તો વખત વીતાવું એનું નામ લઉં
આ રે સંસારીયાનું સગપણ છોડી રે (૨)
રૂપ રસ સાથે રાચી, રહી વહાલા
લગની લાગી છે મને લટકાળા લાલથી રે (૨)
જુ પ્રભુજીની માળા કરમાં ગ્રહી વહાલા.

૨૨ જયદેવજી.

મોહન આવો મનપતાને, પોઢો પ્રેમે પલંગ,
અંગ ફુલ્યાં નવરંગ અમારા, રાય રમોને રંગ.
સલુણા સાહેબજી હો, મારે મન મોહની લાગી રાજ."
આજ ભરી ભર રંગ તમોને છાંડું છબીલા છેલ
ચઉદ બ્રહ્માંડ શક્તિ ગણી એવા ખાતે બતાવું ખેલ—મ.
એક છબી છે આપની એ વીજ સુરજ કોટી સમાય.
પાંચમી પારસી કશ્યન થાઉં હરખ હરિ ન નમ ગ— ૧.

૨૩ સુરદાસ

હું તો ભજન કરીશ હરીનું, સદા સુખે—ભજન
આ સંસાર આગસમ લાગે મિથ્યા કોરાં મારાં હારાં.
નહીં કોઈને કહેવા તમારી જાન આ અનાદિ છું.
રાખો ભરોસો હૃદયમાં, હું દેવ સમ ખાદિ છુ
છોડો દામ લાગી મને, જઇ આદિથી બનાવ દિઓ
નીતિ તણા ભવવાસમાં, ગુણ કૃષ્ણના ગાવા દિઓ

૨૬ સુરદાસ ૧.

મે બનાવ છોડ્યો ભાવ, નથી કરીને ન્યારા.
ઘર ઘરમાં કરજે વાસ, પ્રીતે પ્રભુજી પ્યારા—ટેક.
[illegible]

૨૫ સતી દ્રૌપદી

સામળીઆ કરજે મારી પાસે રે
[illegible] ગરૂડે ચઢીને વેલા આવજો રે
શામળા સલુણા સુભદ્રાના વીર રે
આ દાન ભરાવામાં લાજ હરણ રાખજો રે
ભાગ્યશાળી છે આજ છેડી નથી કોઈ મારૂ બેલી,

વા'ના ભુજ ગુણની ઘેલી દાસી દુઃખમાં ડુબેલી,
દુઃખની દાદ ને ફરીયાદ અંતર લાવજોરે
કૌરવ કર્મે ચંડાળ દુશાસન નિર્દય અરે,
જોતાં પાંચ ભરથાર પાપી પટકુળ તાણતો;
વારે આવોને દયા દીલ લાવોને
નાથ છુ અનાથ નારી ભરૂસો છે ઈશ્વર બળી,
જેવી તેવી છું તમારી વા'લા દેશો ના વિસારી
હે! હળધરજીના વીર આવી ઉગારજોરે.

૨૬ **સુરદાસ**

વ્હાલા હરજીના સાથે લાગીરે લગનીયાં મ્હારી મહારાજ
મ્હારા ઉભી શામળાનો સ્થાપી ઘર ઘરમાં મેં તો
એને હાથે છે મારી લાજ
વૃંદાવનમાં ફરતા ફરતા ફરતા આ આ......વ્હાલા,
હરે નીત હેત ધારી બંધુ હળધરના
હું તો સેવું છોડીને બાગન વંદ્રા .. ..આ વ્હાલા,

૨૭ **સતી દ્રૌપદી.**

ગોવિંદ ગુણ ગાઓ રે નરનાર,
ગોપાળ ગુણ ગાવા રે નરનાર -
ગીરીવર ધીવર શ્રીમુરલીધર
નામથી નેહ લગાવો રે—હાં નેહ લગાવોરે.
મારૂં તારૂં મિથ્યા માની કૃષ્ણ કૃષ્ણ કહે જાવો રે. રે.
અંત્યમ ઉધારણ જગતારણ,
નિરભય નામથી થાવો રે ભવ નામથી જાવો રે રે

૨૮

જાગરે જીવ સંભારને શ્રીહરિ શું થઈ સુતો મોડ તજી
પોટલાં પાપનાં બાંધિને સાથ નઈ જાન વૈરાગની વાત જાણી—
દિવસ ચઉદિસ ભમ્યો રાત નિંદ્રા વિશે રમના સંભારે ખોટી માયા
જન્મીને જીવનાં સાર જાણ્યો નહી નવ ઘડી એક ગોવિંદ ગાયા
મોહમ રહી મચ્યો પ્રપંચમાં તું પચ્યો ચિંતામણી એળે ખોયો
વાડું કરને નથી હાથું કરવું પડે અને પસ્તાઈ પસ્તાઈ રોયો.

૨૯ **મીરાંબાઈ.**

હરી મારા હૃદયે રહેજો પ્રભુ મારા પાસે રહેજો
જોજે મ્હારા આત્મા રામ મરે તે દીનને. વિશ્વાસ છે.

મીરાંબાઈને મારવા જ્યારે રાણે કોપ કીધો રામ—મને
ઝેરના પ્યાલા મીરાંબાઈએ અમૃત કરી આરોગ્યા રામ—
જુનાગઢના ચોકમાં જ્યારે નાગરે કોપ કીધો રામ—મને.
નરસિંહ મહેતાની હુંડી લઈને દ્વારીકામાં લીધી રામ—મને.
સવરી કેરાં એઠાં બોર પ્રેમે કરી આરોગ્યા રામ—મને.
ત્રણ ભુવનના નાથ રામને મીરાંબાઈએ ગાયા રામ—

30 વિક્રમચરિત્ર.

નજર કરો નાથ જરા ઓળખી લ્યો નારી,
શું હું બીજી કે કંથ આપનીજ પ્યારી—નજર.
હેમ પ્યાલો હાથમાં ને મહી મીઠું દુધ,
પીવું સામા પાસથી શું તેની ભુલ્યા શુધ
કોણ હતી એ તે કંથ દુધ પાનારી—નજર.

31 સદેવંત સાવળીંગા

વેહેલા ઉઘાડો દ્વાર, સદેવંત વહેલા ઉઘાડો દ્વાર,
એકલી બીકું છું હું બહાર, સદેવંત વહેલા ઉઘાડો
માટે લગાડો ન વાર, સદેવંત વહેલા ઉઘાડો—ટેક,
છે મનથી તુજ મસ્કરી, જીવજ મારો જાય
ઉભી રહું આંહી એકલી, તેમ તેમ હ્રદય ચીરાય—સદે.
માત પિતા મે પરહર્યાં, તજી નાત ને જાત
તમ અરથે બની ઘેલડી, આખી માજમ રાત—સદે.
હવે હદ થઈ વાલમા દરશન દો ઝટ આપ
શક્તિ સહન કરવી નથી, તમ વિયોગ કેરો તાપ—સદે.

32 નંદબત્રીશી.

મન ભુલાવે મન લોભાવે, મન ચકડોળે ચડાવેજી;
શુધ પવિત્ર નિરમળ આત્મા, કાદવે રંગ રોળાવેજી,
જોવાનું તે નવ દે જોવા, નહી જોવાનું બતાવેજી
અમરત મુકી વીખને વળગે નરકે મહી રોળાવેજી
વારૂ વનીતા વીશ્વ મહી છે, કોઈ ગોરી કાળીજી
તૃપ્તિ છે સંતોષ મહીં, નથી સુખકર દ્રઢ ભાળીજી—

33 ઉમાદેવડી.

ગાજે ગગન ગરરર ગગન ગરરર ઝબકે વિજળીયો ઝરરર
વરસે વરસાદ ઝરમર વરસાદ ઝરમર વિયોગીના ચીર ચરરર
નીની બાળા કાળ અરરર સ્વામી ઓડે ચેડે અરરર—ગાજે

હરીઆળી ભુમી બની, હરીઆળાં વળી વન,
હરીયાળુ સંજોગમાં,
અરે વીરહે ઉઠે છે અગનરે સજની મદન પીડા ક્યાં કહીયે
બાળા રહીએરે મનમાં મુઝાઇએ—સજની.
નદીઓ બરરર નાચતી સાગર સ્વામી પાસ
મોર મયુરીને મળે
ચટપટ લાગે રે આવે સમે ભોગી ભેટવા રે
માતાજી મેર જો કરે, કુંવારી કોડે કરગરે
મચ્યો મદન મહાવીર, મચ્યો મદન મહાવીર,
થાએ માતાજી અમે થરરર—ગાજે.

૩૪ વીણાવેલી.

રે રઢીઆળા રઘુવીર જગદાધારજો
આજીજી આ અબળાની અવધારજો રે
હું દીન બાળા કોપ્યા કંથ કુમારજો
વાદળ વરસે રૂધીર મુશળધારજો
ભલે આ જીવ જાય બ્રહ્માંડ માંય
કદી નાથ આજ્ઞા લોપીશ નહિ
સતી સંત જીવે પતિ ગુણ ગાઇ
સતીની ગતી છે પતિ હાથ રહાઇ
રે દીન બંધુ—જાળવજો ભરથાર જો
છેવટના છે પ્રણામ પ્રાણાધારજો

૩૫ ભક્તરાજ અંબરીષ.

ચાલ ચાલરે મારા રામ રસીયા
તારી ઠમકતી ચાલ મને બહુ ગમતી,
વાંકી પુછડી નથી સીધી વળતી
તારો કઠણ બોલ ગાંભીઆનો તોલ,
ઘુ ઘુ ઘુ કોલ આપરે વહાલા વસ વસીયા. ચાલ.

૩૬ ભક્તરાજ અંબરીસ.

જાદુથી જુગાવે છે આ બાન, નટખટ બહુ કર પિછાન, (જાદુથી.
ધુતારો છે કે ઠગારો કોઇ, મોત વિણ મરવા આવ્યો નાદાન
ક્યાંયથી ઘુસ્યો ઘરમાં આતો,
જોઇ એનું મુખ મારો જીવડો જાતો.
(બલીએ) કે આનો બાપડું શુભ આપ, તારો વરદાન કહું મુકે

આવું આહીક કર)
(અને રોષા ધરમારા, એ વહુ તારિમી, ખડ મુખે આ લાજી મર
આપણે ઇજતથી રહીએ આપુડી આવું ના કહીએ
દુર હઠ પાજી છોડ પતરાજી.
ઠીક, ઠીક, ઠીક.
વારે મારા યુવરાજા, લટકાળા ચટકાળા વ્હાલજી વાલમજી
ડાપડુ ઝાલજે અમથુડા આનુ જાઇ
ગરદન મારીયે મ્હોમાં ડુચો દમ;
ફટ છોકરાં,
ના ઠગ ડોકરા,
મુક ડોક મારી કહું છું ગઇ ભાંગી.
મ્હાવો લીયો શેઠ મેં માગી લે, લે, લે,
ચાલો મહતીયા અમથુડા એને જવા દીએ,
એ તરવન હેવાન.

૩૭ ભક્તરાજ અમરીસ.

મોહનજીને મળવા તલપે મારૂ ચીતરે,
પ્રેમની આંખો પ્રેમની પાંખો;
પ્રેમના ગાઉં મુખે ગીતરે—મોહનજી.
સાગર સંગે સરીતા ઉમંગે
મળવા હેડે ધરી પ્રીત રે—મોહનજી.
પ્રેમે ભજાશું ગાનમાં ભળશું,
વહેલા વળીશું હાં ખચીત રે—મોહનજી.

૩૮ જગતસિંહ.

દુનિયામાં નથી કોઇએ દીઠો પ્રેમ કીનારો,
સાગર મહીં ડુબતો પ્રેમી કોઇએ ન ઉગાર્યો—દુનીયા.
મતલબમાં મુઝાએલો ભમર એમ ભમાયો,
પ્રેમાંધ બની પુષ્પ કમળમાં એહ બીડાયો—દુનીયા.
પંખી પરદેશી પ્રેમ વગડે જાને મુઝાયો,
ઝાડીમાં મળી વાટ નહિ એમ અથડાયો—દુનીયા.
આ મિત્ર મળે લોભીઓ, આવે હવે આરો,
નહીતો પવાએલો ફરે એ બગાડ બીચારો—દુનીયા.

૩૯ ભક્તરાજ અમરીસ.

આથી સુંદર છે મારો નાથ—મારો નાથ રે

ભક્તમણી એ દાસ કૃષ્ણનાથજી,
ગુણસાગર એ નટવર નાગર;
મોહી અમર વરને સોંપ્યો હાથ (૩) રે—ભક્ત.
કરવાને મનના ભાગને તન,
સંસારે કરીશું એનો સાથ (૩) રે ભક્ત.

૪૦ નંદ બત્રીસી.

જાગી જોને તું જીવડા, અલ્યા જાગી જો જરી;
સુતો શું અભાગી, સુખના સ્વપ્નમાં ઠરી (૨) જાગી.
સ્વારથનું સગપણ સંસારે, તેમાં મુઢ તું શું લપટાએ,
કહું શું મુરખડા હજુ માયા ના ગરી,
ચતના ચીતની ના ચગી, તૃષ્ણા તનની ના ટળી—જાગી.
ફરે મરણનો માથે રે ફેરા સુકૃત કરીને ભવજળ તરીએ.
માનવ દેહ મોંઘો ફેના મળશે ના ફરી
ગાંડા મળશે ના ફરી, ગુમાની મરશે ના ફરી
જમ તો જાગે છે પણ, ને ચીતમાં કાં નહીં—જાગ

૪૧ નંદબત્રીસી.

આ સ્વપ્ના સમ સંસાર સમજી લ્યોને શાણા,
દુર્લભ માનવ અવતાર અવની મહીં એ રાણા.
બાળપણું રમતા ગુમાવે,
જુવાનીમાં લંપટપણું ભાવે;
વૃદ્ધપણુ મેં જીવ લોભે તણાએ, રટે નહીં કીરતાર રે—આ.
મરણ શ્વાસ જવ ચાલુ થાયે,
ફેર ફુડી નજરે ઉભરાયે;
પીડાય ભારે, પસ્તાય પાપી, ત્યારે આંસુ વહે ચોધાર રે—આ.

૪૨ રમારણજીત.

મહી વેચવા હાલી હું તો મહી વેચવા હાલી,
મારગે પલકારા મારતી ફર ફુલી ફાલી;
જુવાનીયાની નજર પડતાં લાગુ બહુ વહાલી.
પ્રેમ પરણું હું તો મોહું ન ઠાલી માલી—હુતો.
માણી માણીગર મરદપર માં કરડી આંખ
પોપટ મુક્યો પ્રેમ પાંજરે પાળ અમે તોડ પાંખ;
પાળીએ નહી અમે પોપટડા, માકરના મારનાર.

અડીએ નહી અળખામણાને રહે તેં પડદું મઝાર;
સીદને થકા ખાસ હું ઘાયલ સીદને થકા ખાસ,
તારા જેવા તો મમ માટે પણ હઉ ન વાલીરે—હુંતો.

૪૩ રમાદેવી.

જરા નાચોજી નજરેથી યાર, હારે જરા ખેલોજી નખરેથી યાર,
તેરી મેરી જોડી બની મજેદાર—જરા.
ચાલું મટાથી મહાલુ અટાથી, એતો ઇશકબાજીનો વહેવાર—હારે
હવે નેન મીલાવોને પ્રેમ શીખાવોને ઓર લુટાવોને જોબનીયાની બહાર
હજી લટકેથી આવોને મટકેથી આવોને ઓર સુણાવો ઝાંઝરના ઝમકાર
ઉહું હું ઉહું હું યાર, ઇશકના જોજો દેદાર—રંગીલા.

૪૪ લીલાવતી.

અવર મદન અલબેલો આતો દીસે અવર મદન અલબેલો.
શરદ પુનમના સુધાકર સરખો, આજ નગરમાં ઉગેલો—આતો.
મનોહર કસ્તુરીઆ મૃગ માફક, જોઈ ઝરૂખે ઝુકલો—આતો.
હું નીરભાગી નાથ તજી મુને, વેશ્યા આવાસે વસેલો—આતો.
ધન ગુણીકા ધરણી તળ તુજને, પ્રીય કર્યો મમ પરણેલો—આતો.
ચંદ્ર ચકોરને મધુર મેઘ સમ, મુજ મન રંગ રહેલો—આતો.
અત્યારી તેસે મને નહી જાણે, મમ છળ છેલછબીલો—આતો.

૪૫ વીણાવેલી.

હા માનેલી માતેલી છકેલી છોકરી તારૂં ઉતારૂં ગુમાન,
હા ચઢાને ચઢી તું છેક ચઢી ભુલી નાના મોટાનું ભાન;
પહેલાં પાણી પીને ઘર પુછે, પછી એતો મહાઅજાણ—હા.
લાડ લડાવીએ બાળપણે, પછી કરે અપમાન,
પાળી ભુલી ભાન કહાવી સ્વાન રહેવું નુકશાન.
આય કુપાત્ર ને પ્રીતીનું પાત્રજ, રહેશે આપો ભવ દુખનીધાન.

૪૬ નવકુસુમ.

ભરી ભરી પ્રીતીની પ્યાલી પીજે ને પીવરાવજો—ભરી ભરી
લટકે મટકે રસીલી રસીયાને રીઝાવજો—લટકે
જીવનનો લહાવો લેજોજી, જોબનનો લાવો દેજોજી,
રસલાના રંગ તરંગમાં, ઝુલજો ને ઝુલાવજો—ભરી
બની ઠુમ ઠુમ રસીલી રે, પીયુ ભુલભુલ રસીલીને,
જોબનના ઝોકામાં રે, ઝુલજો ને ઝુલાવજો—ભરી

૪૭ લીલાવતી.

આજ આવી રાજ હજુરમાં કરજોડીને કરૂં વીનતી—ટેક.
એક કામસેન વેસ્યા અહીં સાચી શતરૂ તે તો મારી સહી
રાત દીન ઘેર તેને રહી, મમ પુત્રની બગડી મતી—આજ
કુળમાં કલંક કપુતથી, આ મને જરી ગોઠતો નથી,
એથી આપને કરૂં અરજ આ, મુકી બેઠણું પદ ભુપતી—આજ
હુકમે હમારી પીડા હરી, ગુણકા કનેથી કૃપા કરી,
મમ પુત્ર અપાવીએ થાઓ રાજ્યની ચઢતી રતી—આજ

૪૮ સતી અનસુયા.

મારે મંદીરે પધારો યોગીરાજ મહારાજ,
ભોજન કરાવું મન ભાવતાં;
ઘેબર ઘારી જલેબી શીરો સુખડી,
મોતીચુર ને મેસુર ભાગે ભુખશું;
તળી તતબીરે કાચલી વડી, તમ કાજ—ભોજન
નેહે નીપજાવું શાક ભાત ભાતના,
રૂડાં રાયતાં બનાવું જાત જાતનાં,
અતી જુક્તિથી પીરશું પ્રીતે ધરી આજ—ભોજન.

૪૯ સતી અનસુયા.

મારે મ્હોટે મનાવી રાજી કહેવરાવી;
કલાવી પટાવી પુછો શુ તમે (૨)
ફુલ સુગંધીવાળાં રૂડાં રંગે રૂપાળાં
તેની મીઠી સુગંધી કોને ના ગમે;
કોને ના ગમે—મારે
લીલાં પીળાં ઝાડ પાન—ઉપર પંખી કરે ગાન;
રાજ કોને સાંભળવાં કોને ના ગમે;
કોને ના ગમે—મારે

૫૦ કબીરદાસ.

રામ નામ તું ભજલે પ્યારે, કાયકુ મગરૂબી કરતા હે
કબી મટીકા બંગલા તેરા, પાવ પલકમાં ઢળતા હે
બ્રાહ્મણ હોકર પુરાણ વાંચે, સ્નાન તરપન કરતા હે.
સર્વ કાલ સુચીત રહે તો, ઓ ક્યા સાહેબ મીલતા હે
જોગી હોકર જટા વધારે, હાલ મસ્તમેં રહેતા હે,
ઘુમર ઘરે કર હાથ સુકાવે, ઓ ક્યા સાહેબ મીલતા હે—રામ.
મુલ્લા હોકર બાંગ પુકારે, વો ક્યા સાહેબ બહેરા હે
કીડીકે પાંવકા આવાજ બાજે, ઓ ભી અલ્લા સુનતા હે

જંગમ હોકર શીંગ બજાવે, ઘરઘર લેકર ફીરતા હે
શંખ બજા કર ભીક્ષા માગે, ઓ ક્યા સાહેબ મીલતા હે
કહત કબીરા સુનભાઈ સાધુ, મનકી માળા જપતા હે
ભાવ ભક્તિસે ધ્યાન ધરત હે, ઉનકુ સાહેબ મીલતા હે

૫૨ મીરાબાઈ.

મુખડાની માયા લાગીરે, મોહન તારા મુખડાની માયા લાગી.
મુખડું મેં જોયું તારૂં, સર્વ જુગ થયું છે ખારૂં
મન મારૂં રહ્યું ન્યારૂં ન્યારૂંરે—મોહન તારા.
સંસારીનું સુખ એવું ઝાંઝવાના નીર જેવું.
તેને તુચ્છ કરી ફરીએ રે—મોહન તારા.
સંસારીનું સુખ કાચું પરણીને રંડાવું પાછું,
તેને ઘેર શીદ જઈએ રે— મોહન તારા.
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સોભાગ્ય મારો,
રાંડવાનો ભે ટાળ્યો રે—મોહન તારા.
મીરાંબાઈ બલિહારી, આશા એક મને તારી,
હવે હું તો બડ ભાગી રે—મોહન તારા મુખડાની.

૫૨ કબીરદાસ.

રામ ઝરૂખે બેઠકે સબકા મુજરા લેત
જેસી ઉનકી ચાકરી એસા ઉનકા હેત.
મન મરે માયા મરે, મરમર જાત શરીર,
આશા તૃષ્ણા ના મરે કહે ગયા દાસ કબીર
કબીરા તેરી ઝોંપડી ગલકટે કે પાસ
કરેગા સો પાવેગા, કોણ બેટા કોણ બાપ
અજગર કરે ન ચાકરી પંખી કરે ન કામ,
દાસ કબીર યું કહે સબકા દાતા રામ.

૫૩ સુરદાસ.

વિષય મવાત મમ માત તજીને, કૃષ્ણ ભજન તું કરવા દે.
ધર્મવૃત્તિ એ ધરણીધરનું, ધ્યાન મતીથી ધરવા દે.
અધમપણાને અલગ રાખી, ભંડાર ભક્તિના ભરવા દે.
નટવર નામનું નાવ મળ્યું તો ભવસાગર તરવા દે.
નાશવંત નર નામ છોડીને, અક્ષય વરને વરવા દે—વિષય.

૫૪ ઉદયભાણ.

મન માયાના કરનારારે જરી જોને તપાસ તારી કાયા
મુખે જોને તું પંડીત પુસ્તકારે ... અમર છે તેમ ...

કાચી છે કાયા આ માટીની માયા માટીના બેલ બનાયા
જાણ્યા તો સમજી અલગ થયા પણ બાળક બીચારા લપટાયા રે
લાખોની ખાંખો ગઇ છે ગીરધરાઇ જેણે મુછપર લીંબુ ઠરાયા
કાળના કાવાડેથી કોણ બચ્યું છે હોય ભલે રંક મહારાજારે—રે
સંધ્યાના જેવા રંગ સોનેરી વંધ્યાના લાડ લડાયા
જોબન ને તન ધન તેવા સમજવા પાણીમાંના પડછાયારે રે

૫૫ વીણાવેલી.

અરે શું માનવનો અભિમાન પલકમાં ટળી જશે રે
ખરે જેમ પીપળ ઉપર પાન પલકમાં ખરી જશે રે
પલકમાં ખરી જશે રે માટીમાં મળી જશેરે
ઘડી જીવતરમાં ઘડી એક સુખની ના આં......રે નથી
મુઢ મમતામાં તોએ મરતા આ..... રે મથી
પામર નર નાદાન. ......અરે.
કાયા કલેવર કાચ્મુ છે ગંદકીનો ગાડવો
સમજુ જને સમજુ થઇ અભિમાનને વાગુસાડવો
અભીમાન ફણીધરને નહીં દુધ પાઇને પોષાડવો
રાવણ સરીખે માનથી લીધો નથી કાંઇ લાડવો

૫૬ મીરાંબાઇ.

કાનુડો ન જાણે મારી પ્રીત બાઇ અમે બાળ કુંવારારે—કાનુડો.
જળરે જમનાનાં તીરે હું તો ભરવાને ગઇતીરે
કાનુડે ઉરાડયાં આછાં નીર છાંટયાં છરરરરરર—કાનુડો.
જમનાને કાંઠે વાલે રાસ રચ્યો છે
સોળસેં ગોપીનાં ઝાલ્યાં ચીર ફાટયાં ચરરરરરર—કાનુડો.
હું તો વરણાગી કાના તમારા રે નામનીરે
કાનુડે તાકીને માર્યો તીર વાગ્યાં સરરરરરરર--કાનુડો.
બાઇ મીરાં કહે છે પ્રભુ ગીરધરના ગુણ વહાલા
કાનુડે બાળીને કીધા ખાખ ઉડી ફુરરરરરરર—કાનુડો.

૫૭ માનસિંહ અભેસિંહ.

જળ ભરવા ગઇતીરે સાહેલીની સંગે
આડા આવીને ઉભારે કુંવરજી નવરંગે
જળ ભરવા ગયા સર્વે વાડી મોઝાર
થઇ ઉભા દરવાન તે બંને રાજકુમાર
રોકી રાખી સાસુજીરે અમો સર્વ પનીહારી
નામ પુછીને મારૂં રે કીધા ઠઠ્ઠા ભારી—જળ.

હરખાઈ હમા રહ્યાં શું અમ અમારા ભેર
વિનંતી કોઈ સુણી નહી દેખાડી નીજ તોર
તેથી અમો થયાં રે આખર એક સાહેલી.
નામ દીધુંજ ભાઈ રે ત્યારે દીધા મેલી—જગ.

૫૮

સંસારીયામાં કોઈએ બતાવો નર સુખીઆજી
રાજા પણ દુખીયાને પ્રજા જન દુખીયાજી
દુખીયા જગતમાં જુવાનીયા—સંસારીયા.
આશા ત્રણુપમાં બંધાણા જીવડાજી
એક બીજાને લડાવીયા રે—સંસારીયા.
મનમાં મનોરથ મોટા મોટા બાંધીનેજી.
અધમે આદરે અભાગીઆ રે—સંસારીયા.
ધાર્યું હરીનું થાય મુરખ માને નહિજી
અંતે પડે શીર જુતીયાં—સંસારીયા.
ભવ રે સાગરનો પાર ઉતરવાજી
રામનું નામ લે તું પ્રાણીઆ—સંસારીયા.

૫૯ મોહનીચ

આવશે પ્યારી, આવશે પ્યારી આવશે
અહોહોહો, મારી હૃદય મણી પદ્મણી પધારશે રે
હીરા મંગાવું કે મોતી મંગાવું, પ્યારીનું મન શે માનશે રે.
માળા મંગાવું ને ગજરા ગુંથાવું સુંદરીને શું ફાવશે રે.
ચંબેલી લાવું કે હીનો મંગાવું, રસીલી શાથી રાચશે રે—
લાડુ મંગાવું કે ઘેબર મંગાવું, મોહિનીને શું ભાવશેરે.

૬૦ મોહનીચ

ચોકને આંગણે ચાંદની રે ખીલી રૂપેરી રંગ રંગ રે
આવો સાહેલી રંગ માનવા
હળવા બોલીને બેન બેનરે વાતો કરી ત્યોની વહાલની
વહાલા વસે વિદેશમાં, બાળા બાળે વેશ;
સખ્ખર શા શા મોકલું, શાણાને સંદેશ.
કુંજલડી રે સંદેશો હમારો જઇ વાલમને કહેજોજી રે
પ્રીતિ કોડાના હમે પંખીડા પ્રિતમ સાગર વિના સુના સુનાજીરે
કુંજલડીને વહાલો મીઠો મહેરામણ.
અમને અમૃત ખાણુ વહાલા પ્રીતમ પ્રાણ—કુંજલ.
સાજનો મારો સાહ્યબો, બેઠા જુદાં થાય;
ધરની સુખડી ના ગમે, સાજન જુદાં થાય.

તમારા સમ જો તમે મને વહાલા, જુઠા સમ ખાવછોજીરે,
પીયુ તમારૂ મનડુ માને ત્યાં જાવ છો,
થી બળી શૈયર ઘેર રહ્યો છે
કુંથક ખાવાના ધકા ખાવ છોજીરે—પીયુ તમારૂ
સોળ વરસની સુંદરી સ્વામી વરસે સાઠ;
મોઢુ જોઈને મોઢી રહો લાડકી કરતી લાડ.
પગમાં કાંટો વાગ્યો (૨)
નહિ રે જીવું હું તો નહિ રે જીવું
મારી સગી નણંદના વીર હો રાજ—પગમાં કાંટો
તેડાવજો મારા બાપાજીને રે,
જોગી જતીને તેડાવજોજી રે—નહિ, રે.

૬૧ — વીણાવેલી.

ચાલો મારા ચતુર સુજાણ હાં હાં
મારો નહિ નયનનાં બાણ હાં હા
કાળજે ઉતાર્યાં તારી સુરતી રસીલા પ્રાણ—ચાલો.
ઘાયલ કીધો તે પહેલા ઉતાર્યાં મારી નયનનો માર
દાઝયા ઉપર લુણ વચન લગાડી પુરો કર્યો લાચાર
નખરેથી છેવટ નાજુક નાજુકડી
માર્યો તેં હાય હાય ઠાર ઠાર
રસિક વર માર્યો તેં હાય હાય ઠાર.

૬૨ — મોહનીચંદ્ર

મારી લાડકડી લજ્જાને સંભાળજો રે
આ પાંખ વિનાની પંખીણીને પાળજો રે
બેઉ ચતુરસુજાણ છો શું કહીએ
તોય દંપતીને આશીશ દઈએ
હળી મળીને હેતે પ્રેમ હેમ સંભાળજો રે,
મધુરા મંત્રથી પાપ લુટારાને મારજો રે
નિર્મળ મતિ જળથી ન્હાય અનિતી નિવારજોરે
જળથી છુટે માછલી નોંધારી લાચાર
ગુજરાતી ના ગુણવંતિ વિશ્વપતિ છે વ્હાર

૬૩ — નરસી મહેતો.

મારી વારી શું શોભે છે વીરો બીજા ચાંચક ને પોતે હીરો
પીરસ્યુ ગોળ્વીએ ખાંડ ને ખીરો દેશે બેનીને બહુ ચીર ચીરો
નરસીંહનો સેવક સદા મીરો જેને દેખીને લાજે અમીરો

કુળ ચાલક જગ વીરનું, બેન વિના નહિ કાંય;
વંશ વધારક તાતના, દીપક સમ તું હોય.
આપ તું આશીષ, સુખડાં પામીશ, દુખડાં વામીશ બેન—વારી
ધન ધન મારી બેનડી, વિણુ સ્વારથ તુજ વેર;
સ્વારથ સહુ સંસારમાં, નહિ નરસીને ઘેર
સાચી સાચી પ્રિતી ચોટી તારે ચીત ગાઉં મને ગીત બેન—વારી.

૬૪ **વીણાવેલી.**

જગતમાં તે નરને ધીક્કાર. તજે જે પરણી ઘરની નાર
બગાડે મુરખ તે સંસાર, ભેળવે દીવેલમાં કંસાર
અરે કેમ હાથ પડે રે અ..ર સુંદરી ઘર શણગાર
ગુલાબના ઢગલામાં શોભે, ધગ ધગતા અંગીકાર
અંગ આપણું અળગા કહિએ, કહો ભાઈ અંગ તજીને રહીએ
અ...ર કોણ દાર—જગતમાં
ભજે કેમ કેશર ખાવામાં, લસણ તણો વઘાર
મધુર કળીમાં કુંગળી ગુંથે, હીણભાગી સરદાર
કુસુમ કળી કરમાય દીસે કરમાં ખુંદે કળીને છાકી છરમાં
અર.. ..કુંભાર,

૬૫ **ચંદહાસ.**

ડરમાં તું દીલ સાથ છોકરા ડરમાં તું દીલ સાથ
તને કોઇ ન મારે લાત છોકરા
તુને સંભાળું પ્રિતિથી પાળું ચાલ તને મારો મહેલ દેખાડું.
ઘરેણાં વસ્ત્ર સારા સારા કાઢું, ચાલ તું જો મારા મહેલના ચિત્રો
રમકડાં રૂડાં ન્યારાં વિચિત્રો, અરે મારાં કેવાં છે કંકણુ હાથ—છો.
તમે માયાળુ દીલ દયાળુ સજના કહ્યા વિના હું નહિ આવું
માત પિતા તમ ભાત કાપાવું, વિખ્યાળી હું સત્યજ કહાવું
નાના નહિ હું તો નહિ આવું, તમે મુકો મારો હાથ—છોકરા.

૬૬ **મોહનીચંદ**

પ્યારી વાતો મધુરી કરો પ્યારની, કંઇ ખાતર કરો દીલદારની
લ્યોને લ્હેજત જોબનના શણગારની બોલ બાળા બોલ
મદનના બહારની

ઘુંઘટ ખોલોને બાળા બોલો, જુવાની દીવાની દીન ચારની
ઝુઠી વાતો શું ગુંથું વહેવારની બીક રાખો ખુદાના મારની
જુઠી મહોબતની આ સંસારની, નહી ચાલે હજુર કીરતારની
[illegible] સારે જુઠ [illegible], દેવાની [illegible] જુએ પ્યારની—બોલ

૬૭ ચાંપરાજ.

ફીટકાર છે ફીટકાર તુને નારીને ફીટકાર
ધીક તારી જાતને શું કીધો વ્યભીચાર—ફીટ.
પતિવ્રતાનું ડોળ ચાલે પતીની સાથ તું
અંતે તુને આ શું સુઝયું ધીક છે અવતાર—ધીક.
કુળ લજાવ્યું મુળ લજાવ્યું ધણી લજાવ્યો;
પ્રાણ જશે આ મારો આ તુજ કાજ નારી—ફીટ.
નફ્ફટ જરા ન આવી શરમ કર્મ શું કર્યું
ધર્મ તજી મર્મ તારો ના ગણ્યો તે વાર—ફીટ.
જોગી રાજા ભરથરી તે નારી કાજથી
મરણ રૂપ મારૂં થશે નીચ હાથ નાર—ફીટ.
ફીટકાર છે ફીટકાર તને ધીકાર ધીકાર તને
તારી જાતને ધીકાર નાતને ધીકાર—ફીટ.
અને ધીકાર તારી સાથ પરણનારને ધીકાર

૬૮ અશરૂમતી.

આવો આવો કુમકુમને પગલે
આવીજી ડગલે ડગલે
સુખ શાંતિ વ્યાપી સઘળે
રોજ હું ઢગલે ઢગલે
બીશો નહિ જરીએ બાળા
શા ચલાવે છે ચાળા—આવો.
પારસમણી પરેખે પેઠા, બીક સઘળી હેઠા બેઠા
ચીરૂં જો જો ચંડાળે, ભોગવીશું હા જુપાળે
સુકું હું હાથ કપાળે

૬૯ સુશીલા.

ભાગ્ય વિના નર ભમતા ભવમાં ભલભલા ભારી
અતી દુખીયારા હાલત હાતા હેતુ વિહારી—ભાગ્ય.
કઇક કરતા લાચારી કઇક નર છે ભીખારી.
કઇકને અસ્વારી કર્યા, લીલા છે પ્રભુજી તારી
સુશીલા સમજે પ્યારી, વિયોગે અતિ દુખીયારી
ઝુંપડીથી લે ઉગારી, કષ્ટ કાપો કરૂણાકારી—ભાગ્ય.
કહું કષ્ટ શું ગીરૂધારી, વાણી ન મળે બીચારી
વીનતી આ વિશ્વધારી [illegible]—ભાગ્ય.

૭૦ આનંદીચંદ.

એ વચન (૨) હવે આપે ભગવાન સહાય તે મળીરે.
છે વચન (૨) પરમારથ કારણ પ્રાણ તજાશું વડ ભણીરે
વીના વીનંતી વાદળ વરસે કરમ ઉગે ભાણ ભાળા
તરૂવર ફરતાં સરવર ડળતા કાણ કરે છે તાણ
વીર વિક્રમ વિદેશ ભટક્યો શું લેવાને લ્હાણ
તન ધન અરપે પર ઉપકારે, ચાતુર ચતુરે સુજાણ.
પર ઉપકારીની બલીહારી છેલ્લું તેનું પરમાણ.

૭૧ કૃષ્ણચરિત્ર.

દાણ માગે રે દાણ માગે.
કાનો કાંકરી મારે તો મને વાગેરે—દાણ.
કાનો કીયા મુલકનો દાણી,
મારી નવરંગી ચુંદડી તાણીરે—દાણ.
કાનો કીયા મુલકનો સુબો.
મારી વાટડી રોકીરે કાન ઉભો—દાણ.

૭૨ ઉદયભાણ

મુને સ્હાય કરશે મોરારી રે વારે ચડશે ગોવરધનધારી.
અહલ્યા ઉગારી મીરાંબાઇ તારી
એની ચિંતા કરીશ નહિં તું મારી
મંજારી બચ્ચાને બળતાં ઉગારી,
મોક્ષ દીધો ગજેંદ્રને તારી.
દ્રૌપદીનાં ચીર પુર્યાં
થાશે તે સહાયકારી.

૭૩ ઉદયભાણ.

બોલો મારા પ્રેમી પોપટજી બોલ બોલો.
બોલો બોલો મેના બોલાવે, ડોલો રંગરસીયાજી ડોલો.
જરી ડોલો ડોલો ડોલો પ્યારી ડોલાવે.
મેના તારા વચનની વેણુ વાગી,
લાગી લાગી લલિત કહે લાગી
મેના વહાલી મેના કેના કહે પણ જાગી.
જાગી જાગી અજબ જ્યોત જાગી.
પહેલાં પોપટજી પ્યારા મારા સમજી સ્વીકારો
જ્યાં જ્યાં મેના શું આવી રીતના વિચારો
ચતુર સુજાણ સીતારામ ઉચારે—બોલો.
પોપટજી ચતુરે [illegible]

આડવી કુ વાલવું નથી કે વલવાવું,
એને રૂપે શું બીડ બીતરની બાગી—વાગી
બાવના શુષ્પા ઘટાવી બાવના જુલાવે—બોલે
રૂડા સુડાને રગે રંગ રમાડો,
પંખિ વાલીને ફળ મીઠાં ખવરાવે

૭૪ સરદારબાઇ

દયા કરે તે કોઇ ના કરશે મુરખ કરે અભીમાન
પ્રાણી બીચારું તુચ્છ મગતરું, કાળ ક્યાં અજાણ.
કુંપકમાં મરકાઇ મરે પણ, ધાર્યું કરે ભગવાન—દયા.
નીરધનીયા પળમાં ધનવંતા બની થયા લાચાર
સદા સુખી કે સદા દુખી, નહિ કોઇ જગતમાં રહેનાર
કુંપળ હસ્તીપાન ખરંતા તે પણ છે ખરનાર
સત્ય ટેક ખાતર જે રેહેશે, આશ્ત અપરંપાર
નામ અમર રાખે તે જુગજુગ, જનમ્યું તેજ જનાર
નાહક આકીન છે કે નીચ જન, સત્ય સત્ય સહાયક કીરતાર

૭૫ મીરાંબાઇ.

હરીવેણુ વાય છે રે હો વનમાં, તેના શબ્દ વધ્યો મારા તન મનમાં
ચીતડામાં ચટપટી રે હો લાગી, જીવન જેવાને હું જાગી.
રસીયાજીને રે હો રાગે, વ્યાકુળ કીધાં છે વ્રજરાજે
ગતમતે ભુલી રહો ગેહની, વન બંશી વાગે વેહની
ધીરજ ધરીયા હો ધ્યાને, કાંકણુ નેપુર ધરીયા કાને.
સેંજે કાજળ રે હો સાર્યા, વેહમાં બાળકને વિસાર્યા.
પ્રીતમ પરવશ રે હો કીધા, લજ્જા લોપી મન હરી લીધા.
કંઇ કંઇ વાર્યા રે હો કંથે, પ્રભુજીને મળવા ચાલ્યા પંથે,
ત્રીભુવન નીરખ્યા રે હો તમને, અંગમાં આનંદ વાધ્યો અમને
વાલમ જાયા રે હો વનમાં, મીરાંબાઇ મહાસુખ પામ્યા મનમાં.

૭૬ મીરાંબાઇ.

ગોરી ગુણીયલ જાણુ અમારે ગામરે
નારી જાણે નીચ હીન નાથ નામ રે
બાળ ખારી હાથે કહીશ સ્વામી સ્વામી
શીશ સ્નેહે નામી જેમ ભક્તિ ગામી જાપે રામરે—ગોરી
રાજકુંવર રૂડા આવ્યું જાનની માંહી અનેક,
રૂપ વડી જાવે નહિ, મીનતણી એ ટેક

એમ કરતાં કસોટી જો કંચન થાશે
ગુણ મારા ગાશો પ્રીતી પાણી પાસો
કુંજ રતી, ગાશો આપ કામરે.

૭૭ રામરતન.

જીવ જાતા એક જાણુ વિશ્વ સઘ વેરાન દીસે,
વીશ્વ સઘ વેરાણુ દીસે ક્યાંય ન આરામ દીસે;
સુના મંદીર સુની મેડી, સુનાં જાળી જાળીઆં
સુના દીસને સરવ આજે સળગતા સમશાન દીસે
માટીનું ખોખું તજી, એ પ્રાણ પંખીડુ ગયું;
આ માટીના માળા મટી એ ખોખું પણ નાના દીસે—જીવ.
જીવતા જે જાણતા તો આ મારો છે.
તે પંથી તો પંથે પડ્યો, આ જીવતો ના કામ દીસે.

૭૮

ગરીબ ગૃહસ્થાશ્રમ.

જીવ માયામાં જાય ભક્તિ કરૂ કેમ શ્રી હરિ. મન મારૂ મુઝાય—
ભક્તિ. (ટેક)
ઉઠું પ્રાતસકાલ. સાથે રોતા ઉઠે બાલ એતો મોટું જંજાલ (૧)
એને સમજાવું કેમ, જોઇએ પેરવાને હેમ, હવે કરવું કેમ. (૨)
ત્યાં તો દીન ચઢી જાય પાઠ પુજા ન થાય. જીવ ધંધામાં ધાય. (૩)
નારી કહે વચન ઘરમાં થોડું છે અંન કાસ ક્યાંથી ભોજન. (૪)
તમે કાંઇક લાવો શાક એશી કેમ થયાં રાંક એમાં મારો શું વાંક.(૫)
એતો જુઠી જંજાલ એને જોઇયેઠે કાલ થાય અગ્નિની ઝાળ(૬)
એની કરૂ ખટપટ એને છાના રાખુ ઝટ એને સમજાવું સટ (૭)
કહે મગન મહારાજ રાખો ભક્તોની લાજ પુરો શેવક કાજ. (૮)

૭૯ ગુણસુંદરી.

જાર નર નારને ધીક્કાર છે હજાર વાર—ટેક.
જાણો તેવડો ગમાર, મુરખનો સરદાર;
અપરાધી એ અપાર, સમજો સજ્જન સાર—જાર.
દામને ઉડાવનાર, વખત ગુમાવનાર,
શરીરને સુકાવનાર નરકનો ધરનાર
લાજને લુંટાવનાર, જગતમાં જાણો જાર—જાર.
પ્યારમાં જતો હજાર, બહુ થયા ખુવાર;
નથી મળ્યો જરી સાર, વ્યભીચારમાં લગાર;
ઉપર બધેર માર, જ્હાલો પ્રભુને લગાર;

નથી નથી તલભાર, અંતરીક્ષ પ્રભુ માર મારશે અપાર.
ગદા મોગરીથી ઠાર,
પછી નરકના દ્વાર માંહી,
જમદુત હડસેલી નાંખે નીરધાર—જાર.

૮૦ **કામલતા.**

કપટી દીલ તારૂં તપાસી જોવાંસી રહ્યો કાં હાં હાં
કુંવારી બાળા ફસાવી ખોટી, લલચાવી તે ભુલી ગયો કાં—કપટી
વાણી મીઠી તારી ઝેરે ભરી, મારી જીંદગીને ધુળધાણી કરી
રાખ ઇશ્વરની બીક મનમાં જરી,
જાય છેક અભીમાનમાં વંઠ્યો કાં—સકપટી.

૮૧ **કુલીન કાન્તા.**

અરે હું મન્નાની પ્રેમની, મને કોઇ ન છેડો રે;
લાચાર હું બીચારી છું, શીદ ક્યો છો મારો કેડો રે,
જુવાનીથી દીવાનીથી હું મારો છોડો છેડો રે—છેલા અરે.
પ્રાણદાન છે પ્રીતમાં પુછી કરજે પ્રીત;
પ્રાણદાન તો સહેલ છે, કઠણ પ્રીતની રીત:
આધાર તું કીરતાર મારો પાર બેડો રે—અરે હું.

૮૨ **નવલ કુસુમ.**

છોડો સાસુ અરેરે (૨) જોશે કોઇ તો કહેશે છીનાળ,
એમાં શાની ડરે છે (૨) હજુ હું છું કુંવારી બાળ;
આળ ચઢેલી બાળનો કોઈ ન ઝાલે હાથ,
તે આ બંને પ્રેમથી પરણી થાશે નાથ;
જેવાં આ બાઇ હરખાં તેવાં આ ભાઈ સરખાં,
કહે કેવી જુગતી છે જોડી, દીધી જોડાવી નહી પામી ખોડખોડ

૮૩

જપતી પ્રીતમ જપમાળ, જુવતી જો અલબેલી;
જોબન રસ રંગે ભેની, આ બની ઘેલી,
વ્યાકુળ વૃક્ષના વિણ વહાલી વેલી—જપતી.
તન મનમાં વ્યાપી રહ્યો, જોબન વસંત જોગ.
રસ ભોગી રસીયા વિના, રમશો ક્યાં રસ રંગ.
જાણ્યું ન જડીઓ કોઈ રસીલો રંગીલો;
ચપ ચપ કરતી લેતી જા તું ચમેલી—જપતી.
પેટ દુખે શીર ફુટતાં, સંકટ આ ન સમાય;
બળતાને બાળી સખી, હઈડું શું હરખાય.
મહા વ્યાકુળ સાને છેક છબીલી—વ્યાકુળ.

વાચનાર જરા વિસામો લ્યો ?

તમારા અને તમારા કુટુંબની સુખાકારી માટે.

રોગ નીવરણ.

નામનું અતિ ઉપયોગી પુસ્તક બહાર પડ્યું છે. જેની આઠ હજાર કોપી અત્યાર સુધીમાં ખપી ચુકી છે જેની પાંચમી આવ્રતી છપાઇ બહાર પાડવામાં આવી છે.

તેમાં નાડી જોવાની રીતો, બાળકોને રાખવાની માવજતો, દરેક રોગ શાથી ઉત્પન્ન થાય છે, શું દવા કરવાથી મટે છે તેવા દેશી ઔષધીના વિષયવાળું, ગજવામાં રહે તેવું, મુસાફરીમાં ઉપયોગી સોનેરી પુંઠાથી મજબુત બાંધણીવાળું સુશોભીત પુસ્તક તેયાર છે.

કીંમત આઠ આના ટપાલ ખરચ માફ.

તે સિવાય

લગ્ન પ્રસંગમાં જોઇતી જાત જાતની કંકોત્રીયો ઇન્વીટેશન કાર્ડમાં છાપેલી, નોટપેપરમાં છાપેલી, ફેન્સી કાર્ડ ઉપર છાપેલી તૈયાર છે.

ક્રીસ્ટમસ, નાતાલ દીવાળીને લગતા મુબારક કાર્ડો અને કંકોત્રીયો મોટા જથામાં હમેશાં વરસોવરસ નવી ફેશનમાં બહાર પડે છે.

વેચનાર.

જેશંગભાઇ મોતીલાલ શાહ.

ઠેકાણું રીલીફ—અમદાવાદ.

૮૪

ધુમ્રોકી ગાડી હડકે લીએ જાએ
પૈસાકા લોભી ફિરંગી વારે જાણુ,
જાત નહિ દેખે જમાત નહિ દેખે,
ઓઢીગે સબકો બીઠાય લીએ જાય,
હીંદુ મુસલમાન ભંગી ચમારસે,
ટીકીટકે રૂપઇએ છીના લીએ જાય. ધુમ્રોકી.

૮૫

ઉમાદેવડી.

જા જારે શું રીસાય, રસીલી નજર મીલાવી (લે)
ચટપટ ચીતમાં લાગી ચતુરા ચેહેરો જોવા દે;
હીરા મોતી માગ્ય મધુરી ઝાંઝર ઝુમણા લે,
મદન અગન તનમાં લાગેલી તરત બુઝાવી દેઃ
સમતા નથી રેહેતી રે સલુણી મરમ વચન મુકી દે,
કલ્પલતામાં છબીલી તુજ છાયે પામર પંખી લે.

૮૬ વીણાવેલી.

'ઉગ્યો સખા સૃષ્ટિનો શણુગાર હાંરે,
ચાલ્ય ચાલ્ય જોવાને ચંદ્રમાં.
જાને પ્રેમ ઘેલી ભુમીના દેદાર,
જોને ડોલે સૃષ્ટિ આનંદમાં—ઓહો.
ધન્ય ધરા સુંદરી તને ચતુર ચંદ્ર તુજ કાંત;
શાંતિ પાઠ પઢાવતો, શોધીને એકાંત.
ધરણી પડી પતીને પાય, શીક્ષા શીરે ધરે રે
ગુણીયલ ગોરી પતિ ગુણ ગાય શાંતી ચીતે સ્મરે રે.
ધરોને બ્હેન ધરતી માતાનું કહ્યું કાન
પ્રીતથી કરો સંસાર સુધારસ પાન—ધરણી.
ચંદ્ર સુખે ગીડાઇને, તારાનાં મુખ શ્યામ;
સદગુણીના સુખ ભાળીને, રમે દુષ્ટતા રામ;
સખી જેને પતિનું માન, તેનાં ગંધર્વ ગાએ ગાન,
પામે દેવી સમાન સનમાન, રમે રામા રસીક લયતાન,
ઘરની નાર શમ ગ્રહણીઓ, સેવે સ્વામી પાય;
ચતુર ચંદ્રસમ ધણી મળે જ્યાં જ્યાં ત્યાં ઉચરાય—ધર.

૮૭ કેરબુમેલો.

ઓખલડી આણીઆરી રે; જરા નચાવ નખરાંવાલી,

જે નખરે રે તારા વાલમજીને વશ કીધા;
અધર કમાન જરા મેંના જુઓની, કેમ આવ્યા જઇ આલી રે
જરા નચાવ નખરાં વાળી.
જે નખરે રે તારા વાલમજીને વશ કીધા,
લટક મટક અને ચટકી ચાલ ચાલ, ઝાંઝરથી ઝમકાળી રે,
જરા નચાવ નખરાં વાળી.
જે નખરે રે તારા વાલમજીને વશ કીધા;
ક્યો લટકો મટકો ચટકો આ, આલી સતાવો શું હાલીરે,
જુઓ નાચે આ નખરાં વાળી,
જે નખરે રે તારા વાલમજીને વશ કીધા.

૯૮ ત્રીવક્રમ.

પુનમ ચાંદની ખીલી પુરી અહીં રે,
શોભે રજની સુંદર શી આજ
હેતે રમીએ સંધાતે સહીયર આપણે રે
માંહિ જડીયાં છે નીલમ મણી નંગ—હેતે.
મળી આજે આપણે, ધરી સોળ શણગાર;
કર કંકણ ચુડી ચમકે, ચંદ્ર તેજ એક તાર.
હીરા રત્ન જડીત ઉર હાર છે રે,
મોતી ગુચ્છ લટકે છે બાજુબંધ—હેતે.
અંબોડા ફુલે જડ્યા, સર સેંથે હીંગુલ;
કીધા કુમ કુમ ચાંદલા, મુક્તામાળા ઉર.
આરસ પારસમણી જડેલો ચોક છે રે,
તેમાં વરતા હરખે નણદલ વીર—હેતે.
પહેર્યાં ઝાંઝર પ્રીતથી, ઝણ ઝણ કર ઝણકાર;
ફરીએ સહીયર ફુદડી, આ રજની મોઝાર.
સખી વેલીઓ ફુલી એ વિધ વિધ ભાતનીરે,
તે તો આપે છે શી સુંદર સુગંધ—હેતે—પુનમ.

૯૯ પવિત્ર લીલાવતી.

બાઇ પટારો કેમ ઉઘાડ્યો જોઇ કુંચી બેસારી કંઇ
સાહેબ બાપા બહાર ગયા છે, શું ઘુંજામાં ઘાલ્યું લઇ
અધું ઘરેણું ક્યાં લઇ ચાલ્યાં, આમ કરી તસ્કરનું કામ.
પડશે માથે મારે અમારે, પાછું મુકો તમે તમામ
અમાવલા હું ચાલી ગયો છે, મરની તારે શી પંચાત;
ભૂલ ભલ તારે નહી બોલવું, લખ્યું વાંચ્યા પછી વાત.

નીત્ય જોત ચાહની તારી આખર મીઠા બોલનાર;
આવ શેઠના હવે ભરાવા, બંદા તો ચાલ્યા બહાર.

૯૦ મોહનીચંદ.

ધારી ધારી સુંદરી જરા ધીરી,
તારા વાંસે લીધી છે ફકીરી—સુંદરી.
નયન મીલાવો પ્યારી હસી બોલાવો
આપીશ આખી અમીરી—ધીરી.
રૂપે રીઝાવું કહો તો સોને મઢાવું,
દુર કર તું દીલગીરી—એજી દુર—ધીરી.
ધીરા ધીરા કુંવર જરા ધીરા,
સગા માડીના જાયા એ વીરા—કુંવર—જરા.
જેવી પોતાની તેવી નારી પરાઇ,
પરસ્ત્રી પરભવ પીડા,
રાવણ રોળાણો દુર્યોધન હણાણો
કપ્યા કીચકના થઇ ગયા ચુરા—ધીરા.

૯૧ વીણાવેલી.

સુંદર શામળીઆ, નામ જપીશ નીત્ય તારૂં
મનહર ના મળીઆ, કાશી કરવત ધારૂં.
શામળા શણગાર અમારા, કાળજું હર્યું કામણગારા
વીનવે કરગરી દીન દારા, દરશન દો દીલદાર તમારા;
ક્યાં હું કહું દુખ મારૂ—સુંદર.
આસપાસ નહિ વાસ નીહાળું અરર ત્રીભુવન ભાસતુ કાળું;
નીરખુ નહિ કદી મુખડું રસાળું જઇ હીમાલય ગાત્ર હું ગાળુ.

૯૨ પવિત્ર લીલાવતી.

પ્રીતી પાતરની કરનાર, જરૂર સુરખના સરદાર;
નીતિ નીપુણ ગણે નાદાન, પીડા પામે અપરંપાર.
જેની સાથે જવ તળ બાળી, માત પીતા પરણાવે,
એને ત્યાગી નિરભાગી નરે, આપણી પાસે આવે—પ્રીતિ.
પતિ સુખ પકવાન સરખું, તમ થયા નહી તેથી;
ગણીકા ગમન વમન સમ ગણવું અરે થશે શું એથી—પ્રીતિ.
શું એનાથી કારજ સરસે, એ શું સારૂં કરશે,
શ્વાન સમાન સદા અથડાઇ, મોત વગર તે મરશે—પ્રીતિ.

૯૩ ચંદ્રહાસ.

થયા ભરે પતી તેજ પ્યારી તનના દૂર હસી વળી આવે

છેલ છબીલા રૂડા રંગીલા રાજ્યુન પ્રભાત.
જોયા ભાગે, અનુરાગે, પ્રીત લાગે, ક્રમ ત્યાગે,
પ્રભુ મેં તનમન તમને અરપ્યું થઇ રાજી—થયા.
કૃષ્ણ કૃપાએ તમોજ મળીયા દીલમાં જે નિત ચહાય,
નોતુ નકી, નોતુ વકી, નિયા પકી, વિધિ લખી,
પ્રીયા ઉત્તમ તન બની દેવ સુંદરી, પદમણી મળી આજે—થયા.
મહેલ જતાં તે દી તરછોડી હવે ન મુકુ હાથ;
ચાલો આવું, મન ભાવ્યું, ક્રમ નાવું, પ્રિય કહાવું;
હવે હાજર છું તનમન ધન દેવા, જેમ પ્રેમ છાજે—થયા.

૯૪ ઉદયભાણ

સાહેબા સલુણા નાની નણદલના વીરા,
લાલા લટકાળા મને (૨) આછા આછા ઘાટ ઘડાવો મારા સાહેબા
સરખી સહીયર મળી હાંસી કરે છે
લાજી મરણું બાઇ (૨) વેલા વેલા સોનીડા તેડાવો મારા સાહેબા.
નાનુ શું નાથ એક ઝુમણું ને મહી જીણાજીણા હીરલા જડાવો
નવેસેરા મોતીનો હાર મારા સાહેબા જીણાજીણા નીલમ મુકાવો
જોગવાઇ જાસ્તી જો હોય મારા વાલમ, કંકણને માણેક મઢાવો
ગરીબખણીને બાર્ડ ઝાઝુતે શું કહીએ બસ આટલેથી મનવાળી દઇએ
બાપ' સાબ મોટા એક પાણી માગી લઇએ—સાહેબા સલુણા.

૯૫ સૌભાગ્યસુંદરી

પહેરી ચોળી લટકા મટકા કરતાં આવ્યાં
રંગે બોળી સાડી ઓઢી મન લોભાવ્યાં;
ઝાંઝરના ઝણકારે ટર કંકણના ખખડાટે
કાજળથી નેત્ર દીપાવ્યા—પહેરી.
હવે શરમાવો હાલા, શાને દીયરજી મારા;
બોલો બોલોજી બોલો બોલો
મેં કેવા તમારાં નખરાં તો જણાવ્યાં—પહેરી.

૯૬ વીણાવેલી.

કાયા કાચો કુંભ છે, જીવ મુસાફર પાસ;
તારો ત્યાં લગી જાણજે, જ્યાં લગી શ્વાસોશ્વાસ,
રાખે જેવી રીતે રામ, રંગ તેવી રીતે રહીએ—સદા.
પીપળ પાન ખરંતા, હસતી કુંપળીઆં;
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડીઆ.
નહી જેવીને તેવી નિત્ય, કોઇની નબળી જોઇએ;
કયાના હંગ હતા રંગ, જેવા દેખી લઇએ—સદા.

કહી મહેલો માળીઆં કોમળ છપ્પર ખાટ;
કાળહીન એવો આવશે, ભુખ્યા ન મળે ભાત—સદા.

૯૭ પવિત્ર લીલાવતી.

સખીઓ નીજ નીજ નીતિ ધરમ સદા સંભાળીએરે;
પરમ પાવન પટકુળ પહેરો પરીધાન
સાસુ સસરા માત પિતાની સેવા સાચવોરે,
ભાવ સહિત ભક્તિથી નીત ભજીએ ભગવાન
એવા ઉત્તમ ગુણુથી, ઉભય સકુળ અજવાળીએ—ટેક.
નજરે નજર ન જોડીએ, નાથ વિના નર સાથ;
પર નરને નવ આપીએ, તાળી હાથો હાથ,
હસવું રમવું જમવું, એકાંતે નવ બેસવું રે;
પતિ વિણુ પતિના, પણુ મદ મિત્રોની સંગાથ—એવા.
નાથ વિના કરવા નહિ, વિનોદ કોડા વાત;
વિશ્વ વિરૂધ ન વરતવું, ભલે તાતકે ભ્રાત.
મરજાદ ભંગ થવું નહિ, સુદરી સદ્ આચારથી રે
નિરલજ નટ ખટની સોબત તજવી સુજાત—એવા.
કુબ્જા કદરૂપ કુબડો, નિરધન નિરબળ કાય;
મતિ વિણુ પતિત પતિ મળે, એ પતિને સુર રાય.
જોડી પગ અંગુઠે દ્રષ્ટિ અંબુ ઓઢીએ રે,
સુખકર સાચવીએ લજ્જ સાગ સંપ સહાય—એવા.
ઉંચે સ્વરે ન ઉચ્ચરવું, સુખની મરજાદ;
લલિત બેન કરવો નહિ પતિથી વિવાદ.
ચંચળ ચાલે મટક મટક ચતુરા ચાલ ચાલીએરે;
શિવસુત કેશવની શીખામણુ અંતર યાદ—એવા.

૯૮ ઉમાદેવડી.

નથી જગતમાં સાથ સંગાથી વિના ત્રિભુવન નાથ
શું કોગટ ફાંફાં મારે મુરખડા ભરે આભથી બાથ.
કમળપત્રપર જળબિંદુને સુકાતાં શી વાર;
શ્રાવણુની જગ ભરી વાદળીઓ, વિખરાતા શી વાર;
અંતરે સમજવું તેવું આખર ન લેવું દેવું
જીવ જવું છે ખાલી હાથ, અંતમાં પાપ પુણ્ય સંગાથ.
પંથી જીવ પામી ગયો, નરભવ નગર બજાર.
સોદાગર સમજી જઈ, કરો પુણ્ય વેપાર.
જીવ જવું છે ખાલી હાથ, અંતમાં પાપ પુણ્ય સંગાથ.

૯૯ [illegible]

ધન ભાગ્ય પધાર્યા ભમરા, છો હિલદર ડાહ્યા ડમચક
કમલાપતિ આપ હું કમલા, રસિયા રસિક શણગાર,
તું પ્રેમ બતાવે મોટા, પાનર ઘર પિતિ તોટા.
નહિ ગુલાબ હજારી ગોટા રે તું છટકેલ છકેલી નાર.
શણગાર મઝા નહિ માની, ફોગટ સમજે જીંદગાની;
છે ધરમ કરમ ધુળ ધાણીરે—શણગાર—રસીઆ.
છે વિષય વિષનો પ્યાલો જમપુર નક્કી જ્યાં ઝાલો;
ભવ ઍજે મદનથી મહાલ્યોરે છટકેલ છટેલી નાર.
હજુ કુંવર તમે છો કાચા નથી શીખ્યા મદનની વાચા
નથી નયન મુરલીએ નાચ્યારે—હજુ—રસિયા.

૧૦૦ કામલતા.

મેં દુનીયાં સઘળી જોઈ, કોઈનું ન દીઠું કોઇ,
સ્વારથની જાળ પરોઈ સગપણ સૌ નાંખે ખોઇ;
આજ હોય વ્હાલાં, કાલ તેજ થાય વેરી,
અજબ સરખી એતો રીત પ્રીત કેરી,
પોતાના સ્વારથ માટે અવરને નાંખે નીચોઈ,

૧૦૧ વીણાવેણી

કાંઇ નથી સુખસાધન વનમાં સાપ બહુ વસતા ચન્દનમાં
સ્વામીજી સુખી વસે વનમાં—કાંઈ.
સાબળી શી શંકરને પાર્વતી કઇ સુખીયા કમ છે
લોક તો મુરખ એકદમ છે—ગોળ ખોળ નહિ કંઈ ગમ છે
વૈભવ ઝાંઝવાનાં જળ છે સ્વામી ભવનમાં — કાઇ.

૧૦૨ તારાસુંદરી.

સંસાર સમજીએ શાણા મુસાફરખાનુ
કોઇ નથી ટકયુ કોઇ નથી ટકવાનું શાણા—
દુરદેશ તારો ખ્યારા, અરે પરદેશી શાણા
કાલે સવારે ઉઠી તારે તો જવાનું શાણા—સંસાર.
સગાને સબંધી તારાં પંખીનો મેળો શાણા
તારૂં જે માન્યું તેતો ન્યારૂં છે થવાનું શાણા—
સંસારના આ ધામમાં વિશ્રામ છે ઘડી ચારનો
ફેરો ન આવે કામથી આરામના ચાલનારનો
[illegible]
[illegible]

સત્યની વિરોધ નીતિ ભજે ભરી શરમ ચાખું.
ભગવત ભજન ભાવ બીડ ભાગવાનું ચાખું. સુધાકર.

૧૦૩ શામરતન.

રૂપ રૂપ શું કરો મુરખ જન રૂપ ઉપરે મરે
ભાગ્ય જોગે કાંઇ રોગ થાય તો રંગ રૂપ ક્યાં ઠરે
નથી હું રૂપતણી પ્યારી, માત્ર હું ગુણની અભિલાષી.
કસ્તુરી છે કાળી તોપણ વખતે જીવન દેછે
સફેદ સોમલ સરૂપવાનતે તુરત પ્રાણ હરિ લે છે—નથી હું
સુજાણ બાળા લક્ષ્મી વિણ છે જીવતર સર્વ નકામું
સત્ય કહ્યું તો લક્ષ્મી વિણ છે જીવતર સર્વ નકામું
નથી લક્ષ્મી એની પાસે કરો હઠ શા સુખની આશે.
ગુણની લક્ષ્મી ગુલામ થઇને સદા પાય સેવે છે
ગુણવિણ લક્ષ્મી કોઇની રહીના કોઇ પાસે નવ રહે છે
લક્ષ્મી ઘર ઘર ફરનારી જેમ રખડે લપટ નારી
કોઇ સબળ શત્રુ જાગે તો લક્ષ્મી લુંટી લેછે
ગુણ લુંટારો ના લુટાયે મરતાં સાથ મરે છે—લક્ષ્મી
તો પણ શાણી સુજાણ બાળા, હું નથી યોગ્ય થનારો.
રત્ન તેમ છો રાજ કુળનું, હું છું દાસ બીચારો
ઉંચતે ઉંચા કુળમાં ભળે, નીચ તે જઈ નીચમાં મળે;
પરવત શિખરે પથ્થર પાકે મણિ ખાણમાં માગે;
નીચી ખાણના મણીના કરતાં પથ્થર શું ચઢી જાશે.
કહોને કુળને કરવું શું, ધરી શીર પથ્થર મરવું શું.

૧૦૪ પવિત્રલક્ષ્મી.

નયન મિલાવી લે ઓ છબીલી, નયન મીલાવી લે;
ચટપટી ચીતમાં લાગી ચતુરા, ચુંબન કરવા દે,
મોતનમાળા જડીયન સાડી, જે જોઇએ તે લે—રસીલી
લગની લલના લાગી રહી, તુજ અંગો જોવા દે;
નાજુક વેલી કોમળ ખીલેલી, કળી ચુટવા દે—છબીલી.
મદન અગન તનમાં લાગી, જલદી બુઝાવી દે—છબીલી.
આલીંગન આપી અલબેલી ભેટ પ્રેમની લે—છબીલી.
અધરામૃત રસપાન કરાવી, મધુર વચનરસ મુખ કહે—રસીલી

૧૦૫ દ્રૌપદી.

આવી સ્વપ્ન મહીં મનમોહન મેં નીરખ્યા એકાન્ત વિષે શયને,
અજાણ રહી રહી નાથ મહેં મુખથી નહીં કાંઇ બોલાય અરે

નિરખું જોઈ રહી દમ પ્રેમ ભરી આખુતી પ્રભુની નીજ પાય અરે
કર સાહી રસીક હદે વળગ્યા કરતાં ભળીને થયા ભળગા;
તુટી હાર ગયો એ રક જકમાં કસી કંચુકીની છુટી જાય અરે,
છુટી કેશ ગયા વિખરાઈ અને ગઈ દેહ ફળી કરમાઈ અરે
ગયાં સ્વેદથી વસ્ત્ર ભીંજાઈ અરે પણ નાથ થયા નગણાજ અરે,
મનથી મન સેજ ગયું પીગળી જેમ સાકર દુધની સંગ ભળી;
કીધ ભોજન નાથની સાથ મળી મુખવાસ સુવાસ અપાય અરે.
મુખ તાંબુલની પીચકારી ઉડીરે અચાનક નાથને અંગ પડી.
સખી તે રજની અને તેજ ઘડી રસિયો રીસલાની રીસાય અરે
શણ્ગ શસ્ત્ર શરીર શું અશ્વ ચડી ગયું જાય પિયુ અરે હુંથી લડી;
સખીઓ વિનવું તમ પાય પડી કરો જે રીત નાથ મનાય અરે.

૧૦૬ પ્રતાપીચંદ

રાગ સારંગ.

નવલ યૌવના ઝુલે, ફુલ ખુલે ગુલજાર ડાલીએ ચઢી ઝુલે
નવન સુખે મલક મુખે, રસીક સંગ રસાળ.
મદ ભરી રસ રંગ ભરી ચાલે ગજ ગામીની ચાલ (ન)
રસીલા રંગીલા છબીલા બામન ભ્રમર ફર્યો છેલ
છકભરી બકવાદ કરે શું જાણું હરાયા બેલ (ન)
ઘેલી છબીલી નવેલી સાહેલી સુ સાસરે સાકર શેલ,
ભુરચી ચતુરી હારી હું તુથી મારો કેડો મેલ. (.)

૧૦૭

રાગ. શું નટવર વસંત થઈ નાચી રહ્યો.
ટે. સત સગનો આનંદ અંગ વ્યાપી રહ્યો
વ્યાપી રહ્યો નહી જાયે કહ્યો—શું
(શાખી)
વેદ વચનથી રીધ છે મનન કરો આચાર.
સત સંગ સર્વનુ મૂળ છે સતસંગથી નીરધાર
મુક્તિ મેળવવાનું સાધન સત સંગ છે. (૨)
શાણી સમજ નહી આવે ગયો શું,
શાખી
સત સંગી સતીઓ થઈ, યુગ યુગ મહી અપાર
અમર નામ કરી અભય થઈ, સફલ કર્યો અવતાર
અનસુયા અલીરૂધતી બે, તારા રાણીરે
સતી સુલોચનાને જેન થઈ ઘણી શાણીરે

સાખી.

સમ્રો સુભદ્રા સતી ગુણુ ગાંધારી નાર
કૌશલ્ય સદ્દગુણુનો ભંડાર કુન્તા થયા.
એનો સત સંગ કરો સીતા સતી–
જાણો જરૂર મન મોક્ષ

૧૦૮

ત્યાગી બન્યા પણુ ત્યાગ કાંધો, વાસના રહી વળગી.
ભગવાં પ્હેરી વેશ બદલ્યો પણુ, તૃષ્ણા ન થઇ અળગી;
જુઓ ભગવાના ભવાડા, શુષ્ક વેદાંતીના ધુંવાડા,
સોહં સોહં જાપ જપે નિત્ય, વાચક જ્ઞાનની વાત;
આપ બુડયા એ અન્ય શું તારે, પ્રબળ વિકારો સાથ.
પડે ધરમપર ધાડાં મારે કાનને કુહાડા. ત્યાગી.

૧૦૯ કુંડલા.

આવી ઉભા, મનના માન્યા કયાંથી આવ્યા.
જોઉં ન કયાંઇ, દર્પણુમાં તો દીસો ડાહ્યા;
ઝાંઝવાના પાણી આતો, ત્રષા ન ટાળે શિદ
દેખાતો, રાક્ષસી માયા કરી મલકાતો,
કંઇ ન દેખી જોઇ રંગીયાતો; આવી.

૧૧૦

આવી બેસો, ઉછરંગે અલબેલી,
તું તો મારે પ્યારી પ્હેલી, આવો કરીએ કાન્તા કેવી;
ચુમ્બન દેશો આલિંગન દે હેલી,
તારા મનનો મેલજ મેલી, જોજે થતી હવે નહીં ઘેલી;
આધા જાઓ નહીં લલચાવો, ભામનિ ભોળવવી શું ધારી;
આજ સુધી નવ જોયું સાચું, સાચું વદનારા કેમ માનુ.
મુખના મિઠા, આજ દીઠા, દુર જ્યારે થઇ શોકો મારી. આવી.
વાલી મારી, બોલી તારી, ટળી શકું નહી હું ન્યારી;
શોકો તારી કોણુ બિચારી, બોલ વીચારી, ઘુંઘટ ટાળી;
મદાલસા કુન્ડલાથી હારી, કરવા આવ્યા મને નારી;
જોઇ લેશો, મુખડાનો આ મટકો,
પાયલને ડાળે આ લટકો જો જો જોઇને નવ ૮ટકો.

૧૧૧

અનસુયા—મ્હેમાન થયા તમે મ્હારાં,
અપ્સરાઓ—સ્વીકારશો મ્હેમાની.

અનસુયા—મ્હેમાન કરે મ્હેમાની—દુનિયા કહે દીવાની. (૨)
લક્ષ્મી—ધરી વખાણવું ભાગે. (૨)
 એ રમત ગમત ખૂબ જાગે. (૨)
રતિ—ઝુઝીએ મદનના જંગે,
અપ્સરાઓ—સ્વીકારશો મ્હેમાની,
અનસુયા—જેવી નીર વિનાની સરિતા. (૨)
 તેવી વ્હાલા વિણ વનિતા. (૨)
 બીજી વ્યર્થ બધી મસ્તાની
 દુનીયા કહે દીવાની. (૨)
લક્ષ્મી—કંઠે ધરો કુસુમની માળા, (૨)
 પ્હેરો નીલમ હાર રૂપાળા (૨
 શિર ઉપર મુગટ છોગાળા. (૨)
અપ્સરાઓ—સ્વીકારશો મ્હેમાની.
અનસુયા—જેના પતી વસે પરદેશે,
 તેને રહેવું શા વેશે. (૨)
 બીજી વ્યર્થ બધી મસ્તાની.
 દુનીયા કહે દીવાની. (૨)

૧૧૨

નર્મદા—મનસુખ નાણી તન બાગે બીજ વાવો જે દીલ ચ્હાય
 સુંદર ફળ ભારી ઇંદ્રવરણાનાં ખાવા મન લલચાય,
 કોઈ વાવે કેતકી કે કેવડો ચંબેલી સારી,
 કોઇ વાવે મોગરો ગુલાબ ગુલહજારી.
 કોઇને જુઇ લાગે પ્યારી,
 જાસુદી કામણગારી
 વડલાને ડાળે નહીં ફળશે શ્રીફળ પણ ટેટા થાય થાય—મન
 હિંગ હજાર છુપાવતાં, વાસ છુપાશે કેમ,
 આનાં પાપ અમાપની, છાપ પ્રગટશે એમ—મનસુખ.

૧૧૩

નરવીણ જગમાં નારતણી કીમત કોડી કહાવે,
હલકું લોહી ગણી અબળાનું જુઠાં આળ ચડાવે—નાર.
વ્હાલાં પણ વેરી થઇ જેને જેમ ફાવે તેમ બોલે,
કંથ વિનાની કામિનીનું જીવતર તરણા તોલે—નાર.
કુડ કપટની ભરી કુહાડીઓ લાલચ દઇ લલચાવે,
ભવ રણમાં ભરથાર વિના ભામાની લાજ લુંટાવે—નાર.

નારદ— ૧૧૪

નહીં બીજા કોઇ ગળી, ગરજ સમ નહીં બીજા કોઇ ગળી
માનવંત નિજ માન સુકી, દુસ્મનને પડતાં હળી—ગરજ
પાર્વતી—ભગીયા પણ નિર્બળને નમતા, સચ રંક પર જાય,
સાવીત્રિ—સોંઘુ પણ મોંઘું થઇ બેશે. કળા શકાય ન કળી—ગરજ.
લક્ષ્મી—સમયાધિન થઇ ઝેર હળાહળ, પીતું અમરત ગણી
નારદ—જઇ મહાસતીને શીષ નમાવો—જાય આપદા ટળી—ગરજ.

૧૧૫

કુન્દન—ઉપકાર અનુપમ થયો સુંદરી, દે બદલો કીરતાર
માણેક—સત્કાર વિશરીયે કેમ અનીતીનો જે છે અધિકાર
કુન્દન—વસ્તુ કરતાં વહાલ કિમતી છે ?
માણેક—કાંઠી તે કિમતી શું રતી છે !
કુન્દન—કાંઠીના બળપર રતિનો આધાર છે. સઘળો આધાર;
માણેક—કાંઠી શું દીવા દાંડી છે ?
કુન્દન—ગૃહજીવનની સુખ-હાંડી છે;
માણેક—"થેંક્યુ-વેરીમચ"
કુન્દન—"ગુડબાય ! —ઉપકાર.

૧૧૬

(ઉસ્તાદી).

બોલું ક્યાં મેરે પ્યારેકી બતીયાં (૨)
બોલું ક્યા મેરી છોટીસી છતીયા
નખરીચેન, સખરીરેન ચુમા ચુમી
બદન સયનમેં દુઃખ કરી ડારી
પકરી જુગલ કરી સયન બસન કરી
મરોરડારે બસકો મેરેકા મેલ અંગ. બોક
એસે નીરદય નાથકો સ્વપ્ને કરૂ ના સંગ
ત્રેસ બઢયોત નમે અતી, રદયકો ભયો હુલાસ
તેમેં એસો જાનતી, તો ના જાતી પીયકે પાસ.

૧૧૭

(કુરન—રાધા રાસ).

કહ્યું ના માને જસોદાજી રે કાન (૨)
એક કોરે ગંગા વાહા, બીજી કોરે જમના
બીચ ગોકળીયુ રૂડુ ગામ—
વૃંદાવનમાં વાલે રાસ રચ્યો છે
સોળસે ગોપીમાં બેઠો કાન

કુડા સખાના મંદીરીયા તજીને
નીજના લીધા છે તમે ધ્યાન—કશું
બાઇ મીરાં કહે છે પ્રભુ ગીરધર નાગરને
હરી ભજવામાં મારૂ ધ્યાન

૧૧૮ ઉદયભાણુ.

બાળા ભોળારે કુમારકા પરણીને પસ્તાયારે
પહેલાં ફુલી થયાં ઘળકા, હઇડામાં હરખાયારે
ચાર દીન વહુ લાડકા, મનડામાં મલકાયા રે
મેં તો જાણ્યું કે બાઇ ફુલડે પુજાશું.
ખાજાં જલેબી નીત નીત ખાઇશું;
મેં આગળથી મનમાં ધાર્યું માનમદી મરડાઇશું;
નણુદીના વીરાને ઘડી ટીંગળાવી બાગોળે જુ પાઇશુ રે
મોહન મળીયા, વાતમાં વઢીયા—
નળીયા ખખડીયાં, વાણી ઉચરીયાં (લે રાંડ દીવો)
મેં કહ્યું ફિટું (૨) ચડસમાં ચડીયા, ખુબ કકળીઆ,
ફિટુંનુ ઓસડ ધોકા પડીઆ—પરણી
પરણ્યો પીટયો પરઘેર ભટકે ઘરમાં ન ખાવા પીવા રે
વરણાગીમાં વાંકા હીંડે, પતિ કુળ એવા દીવા રે

૧૧૯ વિબુધ વિજય

પ્રેમનો કોલ દીયો રાજકુમાર મારા થઇ ચુકયા પ્રાણ આધાર
મારા રસીયા રાજકુમાર—પ્રેમનો.
લીઓ કોલ આ પ્રીતથી, ગણો સદાનો દાસ;
રસીયા રસબસ કરી, બાંધી પ્રેમનો પાસ—પ્રેમનો.
મધુર મુખ જોયા વીના, ક્ષણુ હવે રહ્યું નવ જાય:
ધર્મ વિધિથી હરત મેળવ્યા, વિના ચુંબન નવ થાય.
પ્રેમનો કોલ દીયો રાજકુમાર.

૧૨૦ ઉમાદેવડી.

હરમાન ધરમાં હડીયો કરે ત્યાંતો કેવી રીતે બેટા બાઉ બને
બંટીના ગાળાને બંટીના દાકા ત્યાં ખીરને ખાંડનું કહેવું મળે
મારે તો માડી નહીં બસ બાઉ, ખાઉ તો બાઉજબાઉજબાઉ
જા જા પીટયા હું તો કયાં લેવા જાઉ—હરમાન
માડી મને બાઉ, ઉહુ મને બાઉ,
કાળા મોંના કયમ કાળજુ ખાઉ—હરમાન.
માડી મને બાઉ, હુંહું મને બાઉ, બને લાવ બસ બાઉ (૨)

મળતાં પુસ્તકોનું સુચીપત્ર.

વારતાનાં પુસ્તકો.

માંડવગઢની મોહની.	૦-૮-૦
રમણતારા.	૦-૮-૦
અંધ સારંગીવાળો.	૦-૬-૦
દેવીપુત્ર બાલંભટ્ટ પરમાર	
ભાગ ૧ લો.	૦-૧૦-૦
ભાગ ૨ જો.	૦-૧૨-૦
પૃથુસિંહપરમાર ભા.૧	૦-૧૨-૦
,, ભાગ ૨ જો.	૦-૧૨-૦
તકદીરના તમાસા.	૦-૪-૦
સુગુણ સવીતા.	૦-૬-૦
લાલા વાઘેલી.	૦-૪-૦
સ્ત્રીઓનાં ચરીત્રો.	૦-૬-૦
હરીબલ મચ્છી.	૦-૮-૦
ખંભાતનો ખુની.	૦-૮-૦
બાદશાહ અને બીરબલ	
બાર ભાગ	૦-૮-૦
મીઠી મધુરી વાતો.	૦-૮-૦
વર્ગની સુંદરી.	૦-૮-૦
ચતુરસીંહ હગારો, ભા.૧ લો	૦-૪-૦
,, ભા ૨ જો	૦-૪-૦
,, ભા ૩ જો	૦-૪-૦
,, ભા ૪ જો	૦-૪-૦
ગમ્મત ધંટ પેટ દબાવી હસવાનું પુસ્તક.	૦-૪-૦

વારતાનાં પુસ્તકો

ચંદ્રરાજ પ્રભાવતી.	૦-૪-૦
રાજ કઠીઆરાની વારતા	૦-૧૨-૦
વીણાવેલી.	૦-૮-૦
વીર કુમાર.	૦-૪-૦
મોહનીચંદ્ર.	૦-૮-૦
અજબ મોહની.	૦-૪-૦
ભોજ કવી કાળીદાસ.	૦-૬-૦

ગાયનો સાથે મોટાં નાટકો.

ભરથરી ચીત્રો સાથે.	૦-૬-૦
બીલ્વમંગળ ઉર્ફે સુરદાસ.	૦-૬-૦
જગદેવ પરમાર	૦-૮-૦
ચાંપરાજહાંડો.	૦-૬-૦
હરીશ્ચંદ્ર તારામતી	૦-૮-૦
ગોપીચંદ	૦-૬-૦
રાણકદેવી	૦-૬-૦
સુદામાજી.	૦-૮-૦
વનરાજ ચાવડો.	૦-૬-૦
લીલાવતી નાટક.	૦-૮-૦
અભેમન્યુ.	૦-૮-૦
સુરેખા હરણ	૦-૬-૦

જાદુનાં પુસ્તકો.

દેવતાઈ જાદુગર ચીત્રો સાથે.	૦-૮-૦
જંગી જાદુગર.	૦-૪-૦
જાદુ કળા પ્રકાશ	૦-૧૨-૦

નરશીંગભાઈ મોતીલાલ શાહની કં૦
ઠે. રીચીરોડ—અમદાવાદ.